રાજયની તમામ સરકારી કચેરીઓ/ઇમારતોમાં "ઉજાલા ગુજરાત" પ્રોજેકટ હેઠળ એલ.ઇ.ડી. બલ્બનો વપરાશ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
પરિપત્ર ક્રમાંક :SLR/11/2016/1450/B
સચિવાલય, ગાંધીનગર
તારીખ:09/08/2016.

વંચાણે લીધા:

(૧) ઉ અને પે વિભાગના ઠરાવ ક્રમાંક SLR/11/2016/1273/B તા.૨૩/૦૫/૨૦૧૬નો ઠરાવ

(૨) ઉ અને પે વિભાગના ઠરાવ ક્રમાંક SLR/11/2016/1273/B તા.૨૪/૦૬/૨૦૧૬નો ઠરાવ

પ રિ પ ત્ર :-

સરકારના વંચાણે લીધેલ ઠરાવ (૧) અને (૨) થી રાજયમાં વીજળીના સંરક્ષણ અર્થે રાજયના ઘરેલું વીજ ગ્રાહકોને "ઉજાલા ગુજરાત" પ્રોજેકટ હેઠળ સસ્તા દરે સબસીડી વાળા એલ.ઇ.ડી. બલ્બ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે.ઘરેલુ સિવાયના ગ્રાહકોને પણ આવા એલ.ઇ.ડી.બલ્બ સબસીડી સિવાય વિતરણ કરવામાં આવે છે.

રાજય સરકારના આ પ્રોજેકટ હેઠળ સરકારના તમામ વિભાગોની સરકારી કચેરીઓમાં પણ એલ.ઇ.ડી.બલ્બનો ઉપયોગ થાય એ જરૂરી છે.આથી સરકારના તમામ વિભાગો તેમજ તેઓના તાબા હેઠળની તમામ કચેરીઓમાં વીજળીની બચત થાય તે માટે એલ.ઇ.ડી. બલ્બનો ઉપયોગ કરવા માટે આથી સૂચના આપવામાં આવે છે. વિભાગોએ તેમના તાબા હેઠળની તમામ કચરીઓ, ખાતાના વડાઓ તેમજ બોર્ડ નિગમોને આ અંગે સૂચના આપવાની રહેશે.

આથી તમામ કચેરીઓએ માત્ર On Bill Financing Option થી LED બલ્બ ખરીદવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

AZula
(અનિતા ઝુલા)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

(૧) સચિવાલયના સર્વે વિભાગો ઉપરોક્ત પરિપત્ર બાબતે કાર્યવાહી કરવા સારૂ.

(૨) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. વડોદરા.

(૩) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા.

(૪) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ.

(૫) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત.

(૬) મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા.